सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૦ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૬/૦૮/૨૦૨૦ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૦૧/૧૦/૨૦૨૧ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૨૫ |

..........................................................

**મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૫ માં, મું.અમદાવાદ.**

..........................................................

**<u>ક્રિ.કેસ નં.૩૪૫૮૦/૨૦૨૦.</u>**

**<u>આંક–૭</u>**

**ફરીયાદી :–** નામદાર સરકાર

(મુળ ફરીયાદીઃ– સાગર ગજાનન નાવકર.)

**વિરુઘ્ધ**

**આરોપી :–** શાહરુખ સ/ઓ જાફરભાઈ શેખ, ઉ.વ.૨૩.

રહે. અનાદિપુરા ભીલવાસ, નવાબની ચાલી, શાહઆલમ, અમદાવાદ

**ગુનોઃ ઈ.પી.કોડની કલમઃ ૩૭૯ મુજબ...**

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.પંચાલ
આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી.એ.બી.પવાર

**–:: <u>ચુ કા દો</u> ::–**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૮–૦૨–૨૦ ના રોજ કલાક ૩ઃ૩૦ વાગ્યે અમદાવાદ રેલ્વે સ્ટેશન બ્રો નવા મુસાફરખાના ટીકીટ બારી નંબર ૧૨ ઉપર પેસેન્જરોની ભીડનો લાભ લઈ આરોપી મજકુરે ફરિયાદીનો માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલ ફોનની ચોરી કરી તપાસ દરમિયાન પોલીસના હાથે પકડાઈ જઈ બાબતે ઈ.પી.કો.કલમ – ૩૭૯ મુજબનો ગુનો કર્યાની ફરીયાદ નોંધાતા તે મુજબ પોલીસે તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતાં, આરોપીને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. આરોપી સામેના ગુનાના તહોમતનામાની હકીકત વાંચી, સંભળાવી, સમજાવી, આરોપીનો જવાબ લેવામાં આવતાં આરોપીએ આક્ષેપવાળો ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આ કામે જે સાહેદોને તપાસવામાં આવેલા છે તેઓના પુરાવાની આગળ વિશેષ ચર્ચા કરવામાં આવેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) સદર કેસના આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે.

(૧) શું ફરીયાદપક્ષ નિઃશંક રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૮–૦૨–૨૦ ના રોજ કલાક ૩ઃ૩૦ વાગ્યે અમદાવાદ રેલ્વે સ ટેશન બ્રો નવા મુસાફરખાના ટીકીટ બારી નંબર ૧૨ ઉપર પેસેન્જરોની ભીડનો લાભ લઈ આરોપી મજકુરે ફરિયાદીનો માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલ ફોનની ચોરી કરી તપાસ દરમિયાન પોલીસના હાથે પકડાઈ જઈ બાબતે ઈ.પી.કો.કલમ – ૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૬) સદર કામના ફરિયાદી કોર્ટ સમક્ષ જણાવેલ છે કે તેઓનો માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલફોન ચોરાઈ જતા તેઓએ તેની ચોરીની ફરિયાદ આપેલી જે ફરિયાદ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે, પરંતુ ચોરી કોણે કરી તે તેમને ખબર નથી અને તેઓ અન્ય

હકીકત જાણતા નથી અને તેઓને તેમનો માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલફોન પરત મળી ગયેલ છે તેવુ સ્પષ્ટ પણે કોર્ટ સમક્ષ જણાવે છે.

સદર કામમા અન્ય સાહેદોને તપાસેલ નથી અને જે સાહેદોને તપાસેલ છે તેઓએ ફરિયાદીના કેસને સમર્થન આપેલ નથી બીજા કોઈ સાહેદોને સદર કામમા તપાસવામા આવેલા નથી અને જે સાહેદોને તપાસવામા આવેલા છે તેઓ ફરિયાદી કેસને સમર્થન આપતા નથી. અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવા રેકર્ડ ઉપર આવેલ નથી.

(૭) આઈ.પી.સી.કલમ– ૩૭૯ નો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે, આ કામના આરોપીએ ફરિયાદમાં દર્શાવેલ તારીખ અને સમયે ફરીયાદીના માઈક્ર ોમેકસ કંપનીનો મોબાઈલફોનની ચોરી કરેલ હતી. સદર કામમાં ફરીયાદી આરોપીને ઓળખતા નથી કે ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી. ફરીયાદીને તેઓનો મોબાઈલ પરત મળી ગયેલ છે. આમ, ફરીયાદીના મોબાઈલની ચોરી થયેલ છે તે પુરવાર થયેલ છે. પરંતુ, આ ચોરી આ કામના આરોપીએ કરેલ છે તે કોઈ પણ રીતે પુરવાર થતુ નથી. આમ, હાલના કેસમાં ફરીયાદપક્ષના કથન મુજબ ચોરી કોણે કરેલાની હકીકત નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ રહેતો ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

- આ કામના આરોપી શાહરુખ સ/ઓ જાફરભાઈ શેખ, ઉ.વ.૨૩, રહે.અનાદિપુરા ભીલવાસ, નવાબની ચાલી, શાહઆલમ, અમદાવાદનાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો.કલમ– ૩૭૯ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

- આ કામના આરોપીએ નવા સુધારેલા ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ મુજબ રૂા.૫,૦૦૦/– ના જામીન રજુ કરવા.

- અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા તેમજ અન્ય મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો અને જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ અરજદારની ઓળખની ખરાઈ કરી, કાયદેસરના દસ્તાવેજો લઈ પરત કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૧૦/૨૦૨૧
અમદાવાદ.

(બી.આર.રાજપુત)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૫ અમદાવાદ
કોડ નં. જીજે૦૦૮૨૬.